ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૩ ડીગ્રી
લઘુતમ : ૨૪.૯ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૬૪ ટકા

# સાતમું નોરતું : આજે મા કાલરાત્રિની પૂજા કરાશે



## માતા કાલરાત્રિના ભયંકર સ્વરુપનું રહસ્ય વર્ણન નવરાત્રિના સાતમા દિવસે નવદુર્ગાનું પૂજન

નવરાત્રીનો સાતમા દિવસે મા કાલરાત્રિની પૂજા કરાય છે. માતાનું આ સ્વરુપ રિદ્ધિ-સિધ્ધિ પ્રદાન કરે છે. તંત્ર ક્રિયાની સાધના કરવા માટે આ દિવસ મહત્વ પૂર્ણ છે. નવરાત્રીની સાતમી એ તંત્ર ક્રિયાની સાધના કરનારા સાધક રાત્રીના સમયે દેવીની તાંત્રિક વિધિથી પૂજા કરે છે. મા કાલરાત્રિનું સ્વરુપ જોવામાં ભયાનક છે. માનવામાં આવે છે કે મા નું આ ભયાનક સ્વરુપ માત્ર પાપીઓનો નાશ કરવા માટે છે. પરંતુ પોતાના ભકતો માટે માંનું હૃદય અત્યંત કોમળ છે.

માતાજીના શરીરનો રંગ કાળો છે. અંધકારમય છે માથાના વાળ વિખરેલા છે ગળામાં વિજળીની માળા પહેરેલી છે. તે એકદમ ચમકે છે. માતાજીના શ્ર્વાસથી અગ્નિ ઉત્પન્ન થાય છે અને ભયંકર જવાળાઓ નીકળી રહેલી છે વાહન ગધેડાનું છે. માતાજીના ચાર હાથમાં જમણા હાથે મા વરદાનની મુદ્રા છે તથા આશીર્વાદ માતાજી આપે છે ડાબા હાથમાં લોઢાના કાટાળુ છે તથા ઉપલા હાથમાં ખડગ છે એટલે કે કટાર છે. માતાજીનું સ્વરુપ એકદમ ભયાનક છે તો પણ માતાજી ભકતોને શુભફળ આપવાવાળા છે. માતાજી કાલરાત્રીની ઉપાસના કરવાથી બધી જ પ્રકારની સિધ્ધિ પ્રાપ્ત થાય છે અને બધા જ પાપો અને વિઘ્નો દુર થાય છે માતાજી કાલરાત્રી દુષ્ટોનો વિનાશ કરે છે. કાલરાત્રી માતાજીની ઉપાસનાથી ગ્રહબાધા દુર થાય છે. માતાજીનું ધ્યાન પુજા કરવી જોઈએ. નૈવેદ્યઃ માતાજીને ગોળની બનાવેલી વાનગીનું નૈવેદ્ય ધરાવાથી પીડા દુર થાય છે.

આપણા પૌરાણિક શાસ્ત્રોમાં દર્શાવ્યા પ્રમાણે કાલરાત્રિએ માતા નવદુર્ગાનું સાતમું સ્વરૂપ છે. તેમની ચાર ભૂજાઓ દર્શાવાઈ છે. માતાએ એક હાથમાં ખડગ અને બીજા હાથમાં તીક્ષ્ણ લોહઅસ્ત્ર ધારણ કરેલું છે. ત્રીજો અને ચોથો હાથ અભયમુદ્રા અને વરદમુદ્રામાં છે. માતા દેખાવે કૃષ્ણવર્ણનાં છે. તેમનું વાહન ગદર્ભ છે. માતા કાલરાત્રિને ત્રણ નેત્રોવાળાં દર્શાવાયા છે. ગળામાં અલૌકિક માળા ધારણ કરેલી છે. શ્વાસોચ્છ્વાસમાં અગ્નિ જવાળાઓ પ્રકટે છે. ગદર્ભ પર બિરાજિત છે. માતા કાલરાત્રિના ભયંકર સ્વરુપનું રહસ્યવર્ણનનવરાત્રિના સાતમા દિવસે નવદુર્ગાનાં આ સ્વરૂપનું પૂજનઅર્ચન કરાય છે. પ્રચલિત પૌરાણિક કથા પ્રમાણે શુંભ અને નિશુંભ નામના બે મહાકષ્ટકારી અસુરોનો સંહાર કરવા માટે દેવી પાર્વતીએ કાલરાત્રિ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ બંને દૈત્યોએ ઈન્દ્રના ત્રણ લોક અને યજ્ઞભાગ પડાવી લીધા હતા. સૂર્યચંદ્ર સહિતના દેવો સહિત તમામ દેવના અધિકારો હણી લીધાં હતાં અને તેમને સ્વર્ગમાંથી બહાર કરી દીધા હતાં. ત્યારે તેઓએ હિમાલયના ઊંચા શિખરો પરથી માતા મહાદેવીને પ્રાર્થના કરતા દીર્ઘસ્તુતિ કરી હતી. આ સમયે માતા પાર્વતી ત્યા ગંગાસ્નાન માટે પધાર્યા હોય છે. તેથી દેવોની સ્તુતિ સાંભળી અનુકંપિત થઈને મા ભગવતીએ પૃચ્છા કરવાની સાથે તેમણે પોતાનામાંથી એક શક્તિ ઉત્પન્ન કરી. તે દેવી કૌશિકી-કૃષ્ણવર્ણનાં હોઈ દેવોએ તેમને કાલિકા કહ્યા તેમને શુંભનિશુંભનો નાશ કરવા પ્રાર્થનાઓ કરી. દેવી ભાગવતમાં આ યુદ્ધની શરુઆતમાં ચંડમુંડનો દેવી દ્વારા નાશની કથા પણ આવે છે. દુર્ગા સપ્તસતીથી પરિચિત લોકો પણ ભગવતીના એ અપ્રતિમ સાહસ અને શૌર્યની ગાથા જાણે છે અને દેવીએ કેવા ભયંકર પ્રકોપ અને ક્રોધપૂર્વ શુંભનિશુંભનો નાશ કર્યો તેનું રોચક અને સહૃદયોને શાતા આપનારું કથાનક નવરાત્રિના આ સાતમાં સ્વરુપ માતા કાલરાત્રિના મહિમાનું સ્મરણ કરવામાં આવે છે. માતા કાલરાત્રિની ઉપાસના ભક્તને બનાવે છે ગુણસંપન્ન અને સુરક્ષિતમા કાલરાત્રિ આપણે જાણ્યું તેમ ઉગ્રસ્વરુપા છે તેથી દાનવ, દૈત્ય, રાક્ષસ, ભૂત, પ્રેત વગેરે માતાના સ્મરણ માત્રથી મનુષ્યથીદૂર થઈ જાય છે. માતા કાલરાત્રિ શનિગ્રહના કષ્ટ કાપે છે. તમામ ગ્રહબાધાઓને પણ દૂર કરનારા છે. માતા કાલરાત્રિના ઉપાસકો ક્યારેય અગ્નિનો ભય રહેતો નથી. જળનો ભય રહેતો નથી, જંતુનો ભય અને, રાત્રિનો ભય પણ રહેતો નથી.માતા કાલરાત્રિ શિસ્તબદ્ધતા લાવનાર શક્તિ છે, સંયમમાં લાવનાર શક્તિ છે, અતંત્રતાને હણનાર શક્તિ છે, ત્યારે માતા કાલરાત્રિની પ્રસન્નતા મેળવવા માટે સાધક ભક્ત પણ નિયમબદ્ધ બની જાય છે. મા કાલરાત્રિના સ્વરૂપ-વિગ્રહને ધ્યાનસ્મરણમાં લાવી તેમની સમર્પિતભાવથી ઉપાસના કરવી જોઈએ. યમનિયમ, સંયમનું પૂર્ણપાલન કરી મન, વચન અને કાયાની પવિત્રતા જળવાય તેવા પ્રયત્ન કરવા જોઈએ. માતા કાલરાત્રિ ખૂબ દયાળુ અને કરુણાભર્યાં છે. તેથી જ દેવોના કષ્ટ કાપવા તરત જ રણમેદાને દૈત્યોના સંહાર માટે ભયંકર સ્વરુપ અને શસ્ત્ર ધારણ કરી દોડ્યાં હતા. ભક્ત પોતાના ચિત્તની આસુરીવૃત્તિઓને ડામવા અને અકર્મણ્યતા અને ભયને ભગાડવા માટે હંમેશા માતા કાલરાત્રિનું ધ્યાન, પૂજન અને સ્મરણ કરતા રહે છે.



નમી પડેલા વૃક્ષો કોઈના પ્રાણ હરશે એ વાત નક્કી છે આ વૃક્ષ ને જોઈને તો એમ જ લાગે છે બિલકુલ રોડ પર આવેલા વૃક્ષને કાપવાનો સમય તંત્ર પાસે નથી આ કોઈના મોતનું કારણ બને એ પહેલાં તંત્ર જો વૃક્ષને કાપી નાખવામાં આવે તો તો મોટી દુર્ઘટના ટળી શકે એમ છે આ વૃક્ષ ટાટા ચોકડી સેક્ટર-૨૫ નું છે થોડા સમય પહેલાં જ આપણાં દેશનાં ગૃહમંત્રી અમિતભાઈ શાહ સાહેબ આ રસ્તે થી નીકળ્યા હતાં. જોઈએ છીએ હવે તંત્ર ક્યારે સફાળે જાગે છે.



કેશવપાર્ક સોસાયટીમાં ગરબામાં માતાજીની આરતીમાં રંગોળી પુરી ને તમામ રહેવાસીઓએ અને નાના ભુલકાઓએ આરતી કરી અને ગરબા મોજ માણી હતી.

## અશ્વિનભાઈ કોલેજ ખાતે નવરાત્રી ઉત્સવની ઉજવણી



ગાંધીનગર, તા.૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં શારદીય નવરાત્રીના પાંચમાં દિવસે કોલેજના વિદ્યાર્થીઓ માટે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખેલૈયાઓ મનમુકીને ગરબે ઘૂમ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્યા ડો.વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ કોલેજની કલ્ચરલ કમિટીના અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં નવરાત્રિની ઉજવણી



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, રાંધેજામાં નવરાત્રિની ઉજવણી કરવામાં આવી હતી. સ્કૂલના પ્રાગણમાં મા શક્તિના સાનિધ્યમાં પ્રિ-પ્રાઈમરી વિભાગથી લઈ ધોરણ ૧ ૨ સુધીના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના આનંદમય શક્તિ સભર આધ્યત્મિક વાતાવરણ સર્જાયું હતું. આચાર્ય અને શિક્ષક ગણે વિદ્યાર્થીઓ સાથે તાલમાં તાલ મિલાવી ગરબે ઘૂમ્યા હતા. વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને બેસ્ટ ડ્રેસ તેમજ બેસ્ટ ડાન્સ માટે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજનું NSS યુનિટ સમગ્ર ગુજરાતમાં બીજા ક્રમે રહ્યું



ગાંધીનગર, તા.૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગરની બીબીએ કૉલેજનું એનએસએસ યુનિટ હેમચંદ્રાચાર્ય ઉત્તરગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજિત ત્રિદિવસીય ઉજવણીમાં દ્વિતીય ક્રમે સમગ્ર રાજ્યમાં રહ્યું જે સમગ્ર યુનિવર્સિટી માટે ગૌરવની બાબત કહી શકાય. કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રમાં મહેસાણાના સાંસદ શારદાબેન પટેલ તેમજ પાટણના સાંસદ ભરતસિંહ ડાભી ઉપસ્થિત રહ્યા હતા તેમજ સમાપન સમારોહમાં રાજ્યના શિક્ષણમંત્રી કીર્તિસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. KSV યુનિવર્સિટીના પ્રેસિડેંટ વલ્લભભાઈ એમ પટેલનું સતત માર્ગદર્શન અને પ્રેરક શબ્દો સંસ્થાને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરવા હમેશા તત્પર રાખે છે. હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિવર્સિટીના કુલપતિ જે.જે.વોરા તેમજ શિક્ષણ અધિકારી આર.આર.પટેલ, હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિવર્સિટીના એનએસએસ વિભાગના કો-ઓર્ડિનેટર જે.ડી.ડામોર, ઈ.સી. સભ્ય અશોક શ્રોફ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ''મારૂ યુનિટ અને દત્તક ગામ'' વિષય પરની રજૂઆતમાં આ બીજો ક્રમ સંસ્થાના યુનિટને મળ્યો હતો. સંસ્થા તરફથી ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા યુનિટ બાબતે સ્પર્ધામાં રજૂઆત કરવામાં આવી હતી.કડી સર્વ વિશ્વવિદ્યાલયના ધ્યેય વાક્ય ''કર ભલા હોગા ભલા'' તેમજ દ્વજીજીનું ધ્યેય વાક્ય “Not Me But You” ને ચરિતાર્થ કરી ચરિત્ર નિર્માણથી રાષ્ટ્રનિર્માણ અને ''શિક્ષણ એજ સાચી સેવા''નો મંત્ર યુવાઓને આત્મસાધ કરાવવામાં આવે છે. વિદ્યાર્થીઓને સમાજ સેવા અને સમાજમાં વિવિધ મુદ્દાઓ પર જાગૃતિ લાવવા મહાપુરુષો ના જીવનચરિત્ર પર ચર્ચા સભાઓ તેમજ વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી કરી જ્વલંત મુદ્દાઓ પર જાગૃતિ લાવવી સાથે સાથે આપત્તિ સમયે સેવાની સરવાણી વહાવવી વગેરે બાબતે યુનિટ સતત કાર્યરત રહે છે.યુનિટ દ્વારા સરઢવ મુકામે કેમ્પ સમયે પણ આવી અનેક પ્રવૃતિઓ ગ્રામજનોના સહયોગથી કરવામાં આવી હતી. રાજ્યકક્ષાની સ્વયં સેવકોની સ્પર્ધામાં કુ.પ્રાચી રહેવર વેશભૂષાની સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાં દ્વિતીય રહ્યા હતા યુનિવર્સિટી કક્ષાએથી કોલેજના કુલ ૬ રાષ્ટ્રીયસેવા યોજનાના સ્વયંસેવકો આ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા હતા. જેમાં વિશ્વરાજ જાડેજા, પ્રશાંત બારોટ, પટેલ ખુશી, કૃપા સોલંકી, નિકિતા પારેખની પસંદગી થઈ હતી.

## ઉમા આર્ટસ નાથીબા કોમર્સ કોલેજ ખાતે નવરાત્રી પર્વની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરની પ્રતિષ્ઠિત ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં તા.૧ -૧૦-૨૦૨૨ને શનિવારે આનંદ અને ઉત્સાહભેર નવરાત્રી ગરબા મહોત્સવનો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. કોલેજની તમામ વિદ્યાર્થીનીઓએ પરંપરાગત વસ્ત્રો ધારણ કરીને ગરબાની રમઝટ બોલાવી હતી. સમગ્ર કાર્યક્રમમાં આચાર્ય ડો.હરિતભાઈ પટેલ નો ખૂબજ સહકારપ્રશંસનીયરહ્યો હતો. નિર્ણાયકો તરીકે ડૉ.હિનાબેન મહેતા અને ડૉ.મુકેશભાઈ ગોર પ્રાધ્યાપકોએ કપરી કામગીરી બજાવી હતી. પ્રા. ફાલ્ગુનીબેન અને કમિટીના અન્ય સભ્યોમાં પ્રોફે.બાબુભાઈ ચૌધરી અને ડૉ. તેજસ શાહે અદમ્ય ઉત્સાહ અને શિસ્તબદ્ધ કામગીરીથી આ કાર્યક્રમ ખૂબજ સુંદર રીતે સમ્પન્ન થયો હતો.આ કાર્યક્રમમાં વિવિધ કેટેગરીમાં ઈનામો પણ રાખવામાં આવેલ હતા. વિજેતા બહેનોને ઈનામો પણ વિતરણ કરવામાં આવ્યાં હતા.

## સમર્પણ સાયન્ય કોલેજ ખાતે ગરબા મહોત્સવ



સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજ ખાતે નવરાત્રીનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. જેમાં માતાજીની આરતી પછી વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ગરબામાં ભાગ લીધો હતો. બેસ્ટ પર્ફોર્મન્સ, બેસ્ટ ડ્રેસિંગ વગેરે જેવા ઈનામો નું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામનું આયોજન કરવા બદલ ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, કેમ્પસ ડિરેક્ટર ડો. એમ. ડી. પાંડે તથા પ્રિન્સિપલ ડો. રાજી ડેનિસ અને બધા એ નવરાત્રી મહોત્સવ માટે ખૂબ જ મહેનત કરી હતી.

## જલારામ મહિલા મંડળ દ્વારા ગરબા હરિફાઈનું આયોજન



ગાંધીનગર, તા.૧

જલારામ મહિલા મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે જલારામ મંદિર સે-૨૯ ખાતે વિવિધ વય જૂથની ગરબા સ્પર્ધાનું સુંદર આયોજન સમાજની બહેનો માટે કરવામાં આવ્યું હતુ. પાંચ વર્ષની દીકરીથી લઈ અને ૯૦ વર્ષની બહેનોએ ખૂબ મોટી સંખ્યામા ગરબામાં ભાગ લીધો હતો અને ખૂબ શ્રદ્ધાને ભાવથી ગરબા ગાયા હતા. તમામ બહેનોને લ્હાણી અને વિજેતાઓને ઈનામો આપી નવાજવામા આવેલ કાર્યંક્રમને સફળ બનાવવા પ્રમુખ મીતલબેન રાણા અને મંત્રી ઉષાબેનની સાથે સૌ કારોબારીની બહેનો એ ખૂબ જહેમત ઉઠાવેલ હતી. ગરબા હરીફાઈમાં નિર્ણાયક તરીકે કુમારી નૈસર્ગિ જોષીએ સેવા આપેલ હતી. ગાંધીનગરની જુદી જુદી સંસ્થાઓના પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના મીતલબેને સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## પાલજ પ્રા. શાળામાં નિયમિત વર્ગોનું આયોજન



ગાંધીનગર શહેર વિસ્તાર સરકારી પ્રાથમિક શાળા પાલજમાં વાંચન ગણન અને લેખનમાં કચાશ ધરાવતા બાળકો માટે નિયમિત વર્ગોનું આયોજન શાળાના શિક્ષિકા બહેન નીતાબેન પટેલ દ્વારા કરવામાં આવેલ છે. જેમાં ખૂબ જ સુંદર રીતે એફએલએન પ્રવૃત્તિ કાર્ય પ્રિય વિદ્યાર્થીઓ માટે ચલાવવામાં આવે છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.શાહ મીનાબેન રોહિતકુમાર** ઉ.વ.૬૧, વાવોલ
- **સ્વ.પટેલ શાંતાબેન પરસોત્તમદાસ** ઉ.વ.૭૦, ચાંદીસણા, માણસા
- **સ્વ.શાહ ગોવિંદલાલ પરસોત્તમદાસ** ઉ.વ.૮૦, વાસણા, પાલડી
- **સ્વ.મહાલે રેખાબેન રવિકુમાર** ઉ.વ.૪૨, સેકટર-૨૨
- **સ્વ.ધારૈયા દિપકભાઈ વલ્લભભાઈ** ઉ.વ.૬૭, વરસોડા, માણસા

## જન્મદિને વધામણી



ડો. ભાવિન ભટ્ટ
સ્કીન સ્પેશ્યાલીસ્ટ-સે.૧૬



સૌમ્ય
ચિરાગભાઈ રાઠોડ
મો. ૯૯૨૪૧ ૮૬૩૬૧



સુજાન ભરતભાઈ પરમાર
મો. ૯૯૨૪૧ ૮૬૩૬૧



વિવાન જીગર પટેલ
મો. ૯૯૨૪૧ ૧૩૪૫૭




રવિ શૈલેષભાઈ પટેલ



યુવરાજ પરમાર
મો. ૮૭૮૦૪ ૦૪૧૪૯



ગોહિલ જોગેશ્વરીબા
ક્રિશ્નદેવસિંહ
મો. ૭૦૪૬૭ ૦૧૫૦૯



ધૈર્ય સ્નેહલભાઈ શાહ



પાર્થ દરજી